| | |
|---|---|
| દાખલ તારીખ | : 11/07/2024 |
| રજીસ્ટર તારીખ | : 11/07/2024 |
| ફેંસલ તારીખ | : 07/05/2026 |
| અવધિ | : વર્ષ–માસ–દિવસ |
| | 01 09 26 |

## બરવાળાના મહેરબાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાર્સ સાહેબશ્રી ની અદાલતમાં, મુકામ–બરવાળા, જીલ્લો–બોટાદ

ફોજદારી કેસ નંબર ૪૪૯/૨૦૨૪
આંક :–

**શ્રી સરકાર** **.............ફરીયાદી**

**વિરૂધ્ધ:–**

(૧) **દિનેશભાઈ બચુભાઈ વાળા**
ઉ.વ.૪૬, ધંધો–ડ્રાઈવીંગ
રહે.ધુળખાડા વિસ્તાર, મોણપુર રોડ, ચિતલ ગામ
તાલુકો–જીલ્લો–અમરેલી

(૨) **વિપુલભાઈ ભલાભાઈ વાળા**
ઉ.વ.૩૨, ધંધો–મજુરી
રહે.ધુળખાડા, વિસ્તાર, મોણપુર રોડ, ચિતલ ગામ
તાલુકો–જીલ્લો–અમરેલી

**..... ...આરોપીઓ**

**ગુન્હો: ગુજરાત પ્રાણી સંરક્ષણ–૧૯૫૪ ની કલમ–૫, ૬, ૬(ક)(૧), ૬(ક)(૩), ૬(૪), ૮, ૯, ૧૦ તથા પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનીયમ–૧૯૬૦ ની કલમ–૧૧(૧) (ડી), (ઈ), (એફ)(એચ) તથા મોટર વ્હીકલ એકટની કલમ ૬૬(૧)૧૯૨ મુજબ.**

શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી : ડો.પી.એન.કાંગ્રીચા.
આરોપીઓ તરફે વિ.વકિલશ્રી : એ.આર.ચાવડા.

## // ચુકાદો //

૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના

આરોપીઓએ ગઈ તારીખ ૨૫/૦૪/૨૦૨૪ ના કલાક ૦૪/૩૦ વાગ્યે મોજે બરવાળા ધંધુકા હાઈવે રોડ ગેલેરીયા ચેક પોસ્ટ તાલુકો–બરવાળા, જીલ્લો–બોટાદ ખાતે પોતાના હવાલાવાળો ટ્રક રજીસ્ટ્રેશેન નંબર જી.જે.૦૧.એચ.ટી.૯૮૪૧ માં અબોલા પશુ ભેંસો જીવ નંગ–૦૯ ગેરકાયદેસર રીતે, ટુંકા દોરડાથી કૃરતાપુર્વક બાંધી ટ્રકમાં ઘાસચારો કે પાણીની સગવડ રાખ્યા વગર રાત્રીના અસુરા સમયે વધ કરવાના ઈરાદે, શંકાસ્પદ હાલતમાં હેરાફેરી કરતા મળી આવેલ હોય, જે જીવ નંગ–૦૯ કિમત રૂપિયા ૧,૮૦,૦૦૦/– તથા ટ્રક રજીસ્ટ્રેશન નંબર જી.જે.૦૧.એચ.ટી.૯૮૪૧ કિમત રૂપિયા ૮,૦૦,૦૦૦/– ની મળી કુલ રૂપિયા ૯,૮૦,૦૦૦/– ના મુદામાલ સાથે મળી આવી પકડાઈ જઈ, ગુજરાત પ્રાણી સંરક્ષણ–૧૯૫૪ ની કલમ–૫, ૬, ૬(ક)(૧), ૬(ક)(૩), ૬(૪), ૮, ૯, ૧૦ તથા પ્રાણી કૃરતા નિવારણ અધિનીયમ–૧૯૬૦ ની કલમ–૧૧(૧) (ડી), (ઈ), (એફ)(એચ) તથા મોટર વ્હીકલ એકટની કલમ ૬૬(૧), ૧૯૨ મુજબ ગુન્હો કરેલ હોય, ઉપરોકત બનાવ બાબતે હાલના આરોપીઓ વિરૂધ્ધ બરવાળા પો.સ્ટે.ખાતે ફરીયાદ નોંધવાવેલી.

૨) સદર ગુન્હો નોંધાતાં, તપાસ કરનાર અમલદારે લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ, જરૂરી પંચનામાઓ કરેલ, હાલના આરોપીઓને અટક કરેલ તેમજ જરૂરી પુરાવા એકઠાં કરી તપાસના અંતે હાલના આરોપીઓ વિરૂધ્ધ પૂરતો પુરાવો જણાતા તેઓ વિરૂધ્ધ અત્રેની અદાલતમાં હાલનાં ગુન્હાનું ચાર્જશીટ કરેલ છે.

૩) હાલના આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ રજૂ થતાં આરોપીઓને કોર્ટમાં હાજર થવા સમન્સ કાઢવામાં આવતા, આરોપીઓ હાજર થતાં તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ ૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિનામૂલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ, ઉપરોકત ગુન્હા સબબ આંક–૧૧ થી તહોમતનામું ઘડી, આંક–૧૨ થી ૧૩ સુધી આરોપીઓની પ્લી રેકર્ડ કરતા, આરોપીઓ એ ગુન્હાનો ઈન્કાર કરતા, કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

૪) ફરિયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધનો કેસ પુરવાર કરવા, તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે.

**-: મૌખિક પુરાવો :-**

| ક્રમ નંબર | સાહેદનું નામ / વિગત | આંક |
|---|---|---|
| ૧) | ફરીયાદી-ઘનશ્યામસિંહ કરણ સિંહ ચાવડાની જુબાની | ૧૮ |
| ૨) | પંચ-ભાવેશભાઈ મનોજભાઈ જોષીની જુબાની | ૨૦ |
| ૩) | પંચ-મનસુખભાઈ છનાભાઈ મકવાણાની જુબાની | ૨૨ |
| ૪) | સાહેદ-અજીતસિંહ ભરતભાઈ તુવરની જુબાની | ૨૪ |
| ૫) | સાહેદ-શીવરાજસિંહ ગોવિંદસિંહ સરવૈયાની જુબાની | ૨૫ |
| ૬) | સાહેદ-ડો.હીમાન્સુભાઈ બીપીનભાઈ જોષીની જુબાની | ૨૭ |
| ૭) | તપાસ કરનાર અમલદારશ્રી-સવજીભાઈ વેલાભાઈ ખેરની જુબાની | ૩૮ |

**-: દસ્તાવેજી પુરાવો :-**

| અનુક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧) | ફરીયાદ | ૧૯ |
| ૨) | પંચનામું (ગુન્હાવાળી જગ્યા) | ૨૧ |
| ૩) | પશુ ચિકત્સા હેલ્થ સર્ટીફીકેટો | ૨૮ થી ૩૬ |
| ૪) | તપાસ કરનાર અમલદારશ્રીનો પાંજરાપોળને લખેલ પશુઓની સાચવણી(કેર) સબંધિત પત્ર | ૩૯ |

**૫)** ફરિયાદપક્ષનો પુરાવો પુર્ણ થતાં આરોપીઓનુ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૩૧૩ મુજબનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. આરોપીઓએ સદર નિવેદનમાં તેમની વિરૂધ્ધના પુરાવાને નકારી કાઢી વિશેષમાં જણાવેલ છે કે તેઓ નિર્દોષ છે.

**ફરીયાદપક્ષ તરફે એ.પી.પી.શ્રીની દલીલો:-**

૬) ફરીયાદપક્ષ તરફે એ.પી.પી.શ્રી પોતાની દલીલોમા જણાવે છે કે, આરોપીએ ખૂબ જ ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. આરોપીઓએ ટ્રકમા અબોલા પ્રાણીઓને ક્રુરતાપૂર્વક ઘાસચારો કે પાણીની સગવડ રાખ્યા વગર બાંધી રાત્રીના સમયે વધ કરવાના ઈરાદે શંકાસ્પદ હાલતમાં ભેસો નંગ–૯ મળી આવે છે. જે સમાજ વિરોધી પ્રવૃતિ કહેવાય. જો આરોપીઓને સજા કરવામા નહી આવે તો, આવી સમાજ વિરોધી પ્રવૃતિ દિવસે દિવસે વધતી જશે અને ગુનો કરવામાં પ્રેરણા મળશે. આ કામે ફરીયાદપક્ષે તપાસેલા ફરીયાદી તથા સાહેદો અને તપાસ કરનાર અમલદાર ફરીયાદીની ફરીયાદ હકિકતને સમર્થન આપેલ છે. આ કામે આરોપી પાસ ેથી સ્થળ ઉપર નવ પશુઓ જપ્ત કરવામા આવેલા છે તે પાંજરાપોળ બરવાળામા સોંપવામાં આવેલા અને તે પશુઓનુ ડોકટર શ્રી પાસે સારવાર કરાવેલ તેનુ પ્રમાણપત્ર પણ ડોકટર શ્રીએ પોતાના પુરાવા દરમ્યાન આ કામે રજૂ કરેલ છે . આમ આરોપીઓએ ગંભીર પ્રકારનો ગુનો કરેલ હોય આરોપીને મહતમ સજા કરવા વિનંતી કરેલ છે.

**<u>આરોપીના વિધ્વાન વકીલશ્રીની દલીલો:–</u>**

૭) આરોપીના વિધ્વાન વકીલશ્રી પોતાની દલીલોમા જણાવે છે કે, આરોપીએ કહેવાતો કોઈ ગુનો કરેલ નથી. આરોપીને કેસમા ખોટી રીતે સંડોવી દેવામા આવેલ છે. આરોપી નિર્દોષ છે. આ કામે તપાસેલ ફરીયાદી અને સાહેદો પોતાની જુબાની દરમ્યાન વિરોધાભાસી હકિકતો જણાવે છે. આ કામે તપાસેલા ડોકટર શ્રીએ પણ પોતાના મેડીકલ સર્ટીફિકેટમા આ કામે કબજે કરેલા પશુઓને ઈજા થયેલ હોય તેવી કોઈ હકિકત કે નિશાન જોવા મળેલ નથી. આ કામે મુદામાલ કબજે કર્યાના પંચનામાના પંચો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી અને તેઓને ફરી ગયેલા જાહેર કરેલા છે. આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ ન હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા

આરોપીના વિધ્વાન વકીલશ્રીએ મૌખિક દલીલો કરેલ છે.

**૮) કેસની હકીકત તેમજ દલીલો ધ્યાને લેતા, આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.**

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ગઈ તારીખ ૨૫/૦૪/૨૦૨૪ ના કલાક ૦૪/૩૦ વાગ્યે મોજે બરવાળા ધંધુકા હાઈવે રોડ ગેલેરીયા ચેક પોસ્ટ તાલુકો-બરવાળા, જીલ્લો-બોટાદ ખાતે પોતાના હવાલાવાળો ટ્રક રજીસ્ટ્રેશન નંબર જી.જે.૦૧.એચ.ટી.૯૮૪૧ માં અબોલા પશુ ભેંસો જીવ નંગ-૦૯ ગેરકાયદેસર રીતે, ટુંકા દોરડાથી કૃરતાપુર્વક બાંધી ટ્રકમાં ઘાસચારો કે પાણીની સગવડ રાખ્યા વગર રાત્રીના અસુરા સમયે વધ કરવાના ઈરાદે, શંકાસ્પદ હાલતમાં હેરાફેરી કરતા મળી આવેલ હોય, જે જીવ નંગ-૦૯ કિમત રૂપિયા ૧,૮૦,૦૦૦/- તથા ટ્રક રજીસ્ટ્રેશન નંબર જી.જે.૦૧.એચ.ટી.૯૮૪૧ કિમત રૂપિયા ૮,૦૦,૦૦૦/- ની મળી કુલ રૂપિયા ૯,૮૦,૦૦૦/- ના મુદામાલ સાથે મળી આવી પકડાઈ જઈ, ગુજરાત પ્રાણી સંરક્ષણ-૧૯૫૪ ની કલમ-૫, ૬, ૬(ક)(૧), ૬(ક)(૩), ૬(૪), ૮, ૯, ૧૦ તથા પ્રાણી કૃરતા નિવારણ અધિનીયમ-૧૯૬૦ ની કલમ-૧૧(૧) (ડી), (ઈ), (એફ)(એચ) તથા મોટર વ્હીકલ એકટની કલમ ૬૬(૧), ૧૯૨ મુજબ નો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

૯) ઉપરોકત મુદ્દાઓ માટેનાં નિર્ણયો હવે પછી જણાવેલ કારણો ને આધારે નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

## <u>–:: કારણો ::–</u>

**મારા ઉપરોકત મુદ્દાના નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.**

**૧૦)** ફોજદારી ન્યાયતંત્રના સ્થાપિત સિધ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે જયારે શાહેદ સોગંદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહીતી મુજબ સાચુ જ બોલતા હોય છે, સિવાય કે તેનાથી વિરૂધ્ધની હકીકતો સાબિત કરવામાં આવે, જયાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ના આવે કે સાહેદને ખોટુ બોલવા કોઈ કારણ છે ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી. ક્રિમીનલ જસ્ટીસ સિસ્ટમમાં સત્ય શું છે તેનો નિર્ણય કરવા માટે ફરીયાદપક્ષ ધ્વારા પ્રસ્તુત કરવામા આવેલ પુરાવાની છણાવટ ઉપર આધાર રહેલ છે, પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેના કોઈ ચોકકસ નિયમો ઘડવામા આવેલા નથી કારણ કે દરેક કેસની હકીકતો, પુરાવો આજુબાજુના પરીબળો, તે તમામે તમામ હકીકતો ભિન્ન ભિન્ન પ્રકારના હોય છે. **નામદાર સર્વોચ્ચ અદાલતે સ્ટેટ ઓફ હિમાચલપ્રદેશ વિરુધ્ધલેખરાજ (૨૦૦૦ સુપ્રિમ કોર્ટ કેસીસ ૨૪૭(ક્રિમીનલ) ના ચુકાદામા ઠરાવ્યા મુજબ** જયારે કોઈ ફોજદારી કેસમા કેસની પરિસ્થિતિ, તમામ પરીબળો તેમ જ ફરિયાદ પક્ષ તરફથી રજૂ કરવામા આવેલ પુરાવાનુ મુલ્યાંકન કરવાનું હોય ત્યારે તેમા વિરોધાભાસ, અતીરેકના કારણે ફરિયાદ પક્ષના સમગ્ર કેસને અસર થતી ના હોય તો તેવો પુરાવો સ્વીકારી શકાય છે, કારણ કે કયારેક આવી વિસંગતતા, વિરોધાભાસ અગર તો અતિરેકતા સાહેદ એવા ભય સાથે ઉત્પન્ન કરતા હોય છે કે અદાલત તેઓના ઉપર અવિશ્વાસ કરી ના બેસે. નામદાર સર્વોચ્ચ અદાલતે સદર ચુકાદામા એવું પણ

જણાવેલ છે કે ફરિયાદ પક્ષ ધ્વારા રજૂ કરેલ પુરાવાનું જીવનની વાસ્તવીકતાને નજર સમક્ષ રાખીને મુલ્યાંકન કરવું જોઈએ,માત્રટેકનીકલ કારણોસર આખોય પુરાવો ડીસકાર્ડકરવો જોઈએ નહીં. સાહેદે આપેલી જુબાની કઈ પરીસ્થિતિમા આપેલ છે કઈ પરીસ્થિતિમા બનાવ બનેલ છે, બનાવ બન્યા બાદની સ્થિતિ, સાહેદનું જ્ઞાન, બનાવ વખતના પરીબળો, કેવા સંજોગોમા જુબાની આપેલ છે તે હકીકતોને અનુલક્ષીને જ પુરાવાનું મુલ્યાંકન કરવું જોઈએ.

**૧૧)** સાબિત થયેલ હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું અદાલત માને તો તેવી હકીકત સાબીત થયેલી ગણાય. આ મુદા સંદર્ભ ફરિયાદપક્ષના પુરાવાનું મુલ્યાકંન કરતાં પહેલાં, અત્રેની અદાલતને સૌ પ્રથમ ફરિયાદપક્ષનો પુરાવો ટુંકમાં નોંધવો જરૂરી જણાય છે.

**૧૨)** આ કામે ફરીયાદપક્ષ તરફથી આરોપીઓ વિરૂધ્ધનાં ગુના અંગેની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. કાયદાનાં પ્રસ્થાપિત સિંધ્ધાતો મુજબ ફરીયાદપક્ષે આરોપીઓ વિરૂધ્ધનો ગુનો વ્યાજબી શંકારહિત પુરવાર કરવાનો હોય છે જે માટે પુરાવાનો સમગ્ર બોજો ફરીયાદપક્ષનાં શીરે રહેલો છે. તેમજ ફરીયાદપક્ષ રજુ થયેલા પુરાવાઓનું ઝીણવટભરી રીતે તેમજ તુલનાત્મક મુંલ્યાંકન કરી કેસના ન્યાય નિર્ણય ઉપર પહોચવાનું રહે છે.

**<u>પુરાવાકીય મુલ્યાકન:-</u>**

**<u>મુદ્દા : નંબર-૧ તથા નંબર-૨</u>**

**૧૩)** **મુદ્દા નંબર-૧ તથા નંબર-૨ બંન્ને મુદ્દાઓ** પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોવાથી હકીકતોનુ પુનરાવર્તન ન થાય તે હેતુથી

બંને મુદાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

<u>**પંચોનો પુરાવો:–**</u>

**આંક–૨૦ પંચ–ભાવેશભાઈ મનોજભાઈ જોષી**

**આંક–૨૨ પંચ–મનસુખભાઈ છનાભાઈ મકવાણા**

ફરીયાદપક્ષે કેસ પુરવાર કરવા આ કામે **આંક–૨૦ થી પંચ–ભાવેશભાઈ મનોજભાઈ જોષી તથા આંક–૨૨ થી પંચ–મનસુખભાઈ છનાભાઈ મકવાણા**ને સોગંદ પર તપાસવામાં આવેલ છે. જેઓ આંક–૨૧ થી રજુ ગુનાવાળી જગ્યાના પંચનામાંમાં તેઓની પંચ નંબર–૧ તરીકે સહી ઓળખી બતાવેલ છે.''**સદર પંચ સાહેદને વિધ્વાન એ.પી.પી.શ્રી.ની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતા પણ તેઓની જુબાની ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકિકત ખુલવા પામેલ નથી.**

**“સદર પંચ સાહેદોની બચાવપક્ષે થયેલ ઉલટતપાસમાં તેઓ એવી હકિકત કબુલ રાખેલ છે કે,** પોલીસે તૈયાર પંચનામામાં સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરી. આ સિવાય બીજુ કશુ જાણતા નથી.

<u>**ફરીયાદીનો પુરાવો:–**</u>

**આંક–૧૮ ફરીયાદી–ઘનશ્યામસિંહ કરણસિંહ ચાવડા**

**૧૪)** ફરીયાદપક્ષે કેસ પુરવાર કરવા આ કામે **આંક–૧૮ થી ફરીયાદી–ઘનશ્યામસિંહ કરણસિંહ ચાવડા**ને સોગંદ પર તપાસવામાં આવેલ છે. સદર સાહેદ તેઓ સરતપાસમાં એવી હકિકત જણાવેલ છે કે, તારીખ ૨૪–૦૪–૨૦૨૪ ના કલાક ૨૨–૦૦ વાગ્યે બરવાળા –ધંધુકા હાઈવે પર ગેલેરીયા ચેકપોસ્ટ પર ફરજ પર હતા ત્યારે એ.એસ.આઈ. સવજીભાઈ ખેર પી.સી.આર.વાહનમાં આવેલ અને સરવૈયા સાહેબ તેઓને સમજ કરેલ કે, વલ્લભીપુર તરફથી ધંધુકા તરફ ટ્રક નંબર–જી.જે.૦૧.એચ.ટી.૯૮૪૧ વાળુ વાહન ગેરકાયદેસર રીતે પશુ ભરી

કતલખાને લઈ જઈ રહેલ છે જે બાતમી ની સમજ કરી નજીકમાંથી ર પંચોના માણસો બોલાવી હકિકતથી વાકેફ કરી ચેકપોસ્ટ ખાતે ગોઠવાય ગયેલ. થોડીવાર બાદ બાતમીવાળુ વાહન દેખાતા ઉભુ રખાવેલ અને ટ્રકની તપાસ કરતા ટ્રકના પાછળના ભાગે જોતા ભેંસો ટુંકા દોરડાથી દયનીય રીતે જોવા મળેલ. ટ્રકમાં સવાર ડ્રાઈવર અને કલીનરને નીચે ઉતારી ટ્રકના ચાલકનુ નામ પુછતા તણે દિનેશભાઈ બચુભાઈ વાળા, રહે.ચીતલ, તાલુકો–જીલ્લો–અમરેલી તથા કલીનરનુ નામ પુછતા તેણે વિપુલભાઈ ભલાભાઈ વાળા, રહે.ચીતલ, તાલુકો–જીલ્લો–અમરેલીવાળા હોવાનુ કબુલેલ. તેઓ પાસે પશુની હેરાફેરીની પરમીટ અને ગાડીના કાગળો માંગતા નહી હોવાનુ જણાવેલ. જેથી સ્થળ ઉપર ટ્રક તથા પકડાયેલ ભેંસો નંગ–૯ કિમત રૂપિયા ૧,૮૦,૦૦૦/– ની ગણી મુદામાલ અર્થે કબજે કરેલ. તેમજ ટ્રક નંબર–જી.જે.૦૧ .એચ.ટી.૯૮૪૧ પણ તપાસ અર્થે કબજે અને તેઓની હાજરીમાં સરવૈયા સાહેબે પંચનામું કરેલ. બાદ પશુઓને બરવાળા પાંજરાપોળ ખાતે રાખવા તજવીજ કરેલ તેમજ સ્થળ પર પકડાયેલ બંન્ને આરોપીઓને અટક કરેલ. તેઓએ પી.એસ.આઈ. રૂબરૂ બનાવ અંગે ફરીયાદ આપેલ જે આંક–૧૯ થી સામેલ છે.''**સદર ફરીયાદી સાહેદની બચાવપક્ષે થયેલ ઉલટતપાસમાં એવી હકિકત કબુલ રાખેલ છે કે,** કહેવાતા બનાવનુ સ્થળ ધંધુકા–બરવાળા હાઈવે છે ને ઘણા વાહનોની અવર જવર રહે છે. બનાવ સ્થળને બાતમી મળેલ તેની નોંધ બાતમી રજીસ્ટરમાં થયેલ નથી. તેઓની હાજરીમાં પો.સ્ટે.થી કેટલા વાગ્યે ગયેલ તેની નોંધ થયેલ નથી તેમજ પંચનામુ કેટલા વાગ્યે શરૂ કરી પુરુ કરેલ તેનો ચોકકસ સમય યાદ નથી. તેમજ વાહનનો ચૌકકસ નંબર પણ યાદ નથી. બનાવના દિવસ વધુ વાહન ચેક કરવાની ડ્રાઈવ હતી. તેઓની હાજરીમાં કોઈ દોરડા કબજે કરેલ નથી. કહેવાતો બનાવ ગેલેરીયા ચેકપોસ્ટની સામે રોડ પર બનવા પામેલ. આ ચેક પોસ્ટ બાજુમાં પેટ્રોલ પંપ  આવેલ છે. પંચોના નામઠામ તેઓને ખબર નથી.

<u>સાહીદી પુરાવો:–</u>

**૧૫) આંક–૨૪ સાહેદ–અજીતસિંહ ભરતભાઈ તુવર**

**આંક–૨૫ સાહેદ–શીવરાજસિંહ ગોવિંદસિંહ સરવૈયા**

ફરીયાદપક્ષે કેસ પુરવાર કરવા આ કામે **આંક–૨૪ થી સાહેદ–અજીતસિંહ ભરતભાઈ તુવર અને આંક–૨૫ થી સાહેદ શિવરાજસિંહ ગોવિંદસિંહ સરવૈયા** ને સોગંદ પર તપાસવામાં આવેલ છે. સદર સાહેદ તેઓ સરતપાસમાં એવી હકિકત જણાવેલ છે કે, તારીખ ૨૪–૦૪–૨૦૨૪ ના કલાક ૨૨–૦૦ વાગ્યે બરવાળા –ધંધુકા હાઈવે પર ગેલેરીયા ચેકપોસ્ટ પર ફરજ પર હતા ત્યારે એ.એસ.આઈ. સવજીભાઈ ખેર પી.સી.આર.વાહનમાં આવેલ અને સરવેયા સાહેબે તેઓને સમજ કરેલ કે, વલ્લભીપુર તરફથી ધંધુકા તરફ ટ્રક નંબર–જી.જે.૦૧ .એચ.ટી.૯૮૪૧ વાળુ વાહન ગેરકાયદેસર રીતે પશુ ભરી કતલખાને લઈ જઈ રહેલ છે. જે બાતમી ની સમજ કરી નજીકમાંથી ૨ પંચોના માણસો બોલાવી હકિકતથી વાકેફ કરી ચેકપોસ્ટ ખાતે ગોઠવાય ગયેલ. થોડીવાર બાદ બાતમીવાળુ વાહન દેખાતા ઉભુ રખાવેલ અને ટ્રકની તપાસ કરતા ટ્રકના પાછળના ભાગે જોતા ભેંસો ટુંકા દોરડાથી દયનીય રીતે જોવા મળેલ. ટ્રકમાં સવાર ડ્રાઈવર અને કલીનરને નીચે ઉતારી ટ્રકના ચાલકનુ નામ પુછતા તેણે દિનેશભાઈ બચુભાઈ વાળા, રહે.ચીતલ, તાલુકો–જીલ્લો–અમરેલી તથા કલીનરનુ નામ પુછતા પેણ વિપુલભાઈ ભલાભાઈ વાળા, રહે.ચીતલ, તાલુકો–જીલ્લો–અમરેલીવાળા હોવાનુ કબુલેલ. તેઓ પાસે પશુની હેરાફેરીની પરમીટ અને ગાડીના કાગળો માંગતા નહી હોવાનુ જણાવેલ. જેથી સ્થળ ઉપર ટ્રક તથા પકડાયેલ ભેંસો નંગ–૯ કિમત રૂપિયા ૧,૮૦,૦૦૦/– ની ગણી મુદામાલ અર્થે કબજે કરેલ. તેમજ ટ્રક નંબર–જી.જે.૦૧.એચ.ટી.૯૮૪૧ પણ તપાસ અર્થે કબજે લીધેલ. આરોપીઓની અટક કરેલ બનાવ અંગે તેઓનુ નિવેદન લીધેલ. ''**સદર સાહેદની બચાવપક્ષે થયેલ ઉલટતપાસમાં એવી હકિકત કબુલ રાખેલ છે કે,** કહેવાતા બનાવનુ સ્થળ ધંધુકા–બરવાળા હાઈવે છે ને ઘણા વાહનોની અવર જવર

રહે છે. બનાવ સ્થળને બાતમી મળેલ તેની નોંધ બાતમી રજીસ્ટરમાં થયેલ નથી. તેઓની હાજરીમાં પો.સ્ટે.થી કેટલા વાગ્યે ગયેલ તેની નોંધ થયેલ નથી. તેમજ પંચનામુ કેટલા વાગ્યે શરૂ કરી પુરુ કરેલ તેનો ચોકકસ સમય યાદ નથી. તેમજ વાહનનો ચૌકકસ નંબર પણ યાદ નથી. બનાવના દિવસ વધુ વાહન ચેક કરવાની ડ્રાઈવ હતી. તેઓની હાજરીમાં કોઈ દોરડા કબજે કરેલ નથી. કહેવાતો બનાવ ગેલેરીયા ચેકપોસ્ટની સામે રોડ પર બનવા પામેલ. આ ચેક પોસ્ટ બાજુમાં પેટ્રોલ પંપ આવેલ છે. પંચોના નામઠામ તેઓને ખબર નથી.

ફરીયાદપક્ષે કેસ પુરવાર કરવા આ કામે **આંક–૨૭ થી પશુ ચિકીત્સક ડોકટર સાહેદ–ડો.હીમાન્સુભાઈ બીપીનભાઈ જોષી**ને સોગંદ પર તપાસવામાં આવેલ છે. સદર સાહેદ તેઓ સરતપાસમાં એવી હકિકત જણાવેલ છે કે, સને ૨૦૨૪ ના અરસામાં તેઓ બરવાળા પશુ ચિકીત્સ તરીકે હતા. ત્યારે પાંજરાપોળ મુકામે પશુઓની શારીરીક સ્થતિ જોવા તેઓને બોલાવતા તેઓ ગયેલ અને ૯–જીવ ભેંસોની ક્રમશ તપાસણી કરેલ. આ અંગેના સર્ટીફીકેટ તૈયાર કરેલ. જે આ કામે આંક–૨૮ થી ૩૬ સુધીના છે. **''સદર સાહેદની બચાવપક્ષે થયેલ ઉલટતપાસમાં એવી હકિકત કબુલ રાખેલ છે કે,** તમામ પશુની ચકાસણી સમયે ઈજાના કોઈ નિશાન જોવા મળેલ નહી.

**<u>તપાસ કરનાર અમલદારશ્રીનો પુરાવો:–</u>**

**આંક–૨૭ તપાસ કરનાર અમલદારશ્રી– સવજીભાઈ વેલાભાઈ ખેર**

**૧૬)** ફરીયાદપક્ષે કેસ પુરવાર કરવા આ કામે **આંક–૩૮ થી તપાસ કરનાર અમલદારશ્રી**ને સોગંદ પર તપાસવામાં આવેલ છે. સદર સાહેદ તેઓ સરતપાસમાં એવી હકિકત જણાવેલ છે કે, તારીખ ૨૫–૦૪–૨૦૨૪ ના કલાક ૨૨–૦૦ વાગ્યે બરવાળા –ધંધુકા હાઈવે પર પી.એસ.આઈ સરવૈયા સાહેબશ્રી સાથે હાજર હતા ત્યારે ફરીયાદી–ઘનશ્યામસિંહ કનકસિંહ ચાવડાને બાતમીથી સમજ કરેલ. વલ્લભીપુર તરફથી ધંધુકા તરફ ટ્રક નંબર–જી.જે.૦૧.એચ.ટી.૯૮૪૧ વાળુ વાહન ગેરકાયદેસર રીતે

પશુ ભરી કતલખાને લઈ જઈ રહેલ છે જે બાતમી ની સમજ કરી નજીકમાંથી ૨ પંચોના માણસો બોલાવી હકિકતથી વાકેફ કરી ચેકપોસ્ટ ખાતે ગોઠવાય ગયેલ. થોડીવાર બાદ બાતમીવાળુ વાહન દેખાતા ઉભુ રખાવેલ અને ટ્રકની તપાસ કરતા ટ્રકના પાછળના ભાગે જોતા ભેંસો ટુંકા દોરડાથી દયનીય રીતે જોવા મળેલ. ટ્રકમાં સવાર ડ્રાઈવર અને કલીનરને નીચે ઉતારી ટ્રકના ચાલકનુ નામ પુછતા તણે દિનેશભાઈ બચુભાઈ વાળા, રહે.ચીતલ, તાલુકો–જીલ્લો–અમરેલી તથા કલીનરનુ નામ પુછતા પેણ વિપુલભાઈ ભલાભાઈ વાળા, રહે.ચીતલ, તાલુકો–જીલ્લો–અમરેલીવાળા હોવાનુ કબુલેલ. તેઓ પાસે પશુની હેરાફેરીની પરમીટ અને ગાડીના કાગળો માંગતા નહી હોવાનુ જણાવેલ જેથી સ્થળ ઉપર ટ્રક તથા પકડાયેલ ભેંસો નંગ–૯ કિમત રૂપિયા ૧,૮૦,૦૦૦/– ની ગણી મુદામાલ અર્થે કબજે કરેલ. તેમજ ટ્રક નંબર–જી.જે.૦૧ .એચ.ટી.૯૮૪૧ પણ તપાસ અર્થે કબજે લીધેલ. આરોપીઓની અટક કરેલ અને ફરીયાદી ઘન્શ્યામસિંહે તેઓના રૂબરૂની આંક–૧૯ વાળી ફરીયાદ આપેલ અને ફરીયાદ મુજબનો ગુન્હો દાખલ કરેલ. તેમજ તેઓને તપાસ સોંપતા તેઓએ સાહેદોના નિવેદનો લીધેલ. પશુઓને સાચવણી અર્થે પાંજરાપોળમાં મોકલી આપેલ. જે પશુ સોંપણી ચાદી આંક–૩૯ થી રજુ છે. આરોપીઓ સામે પુરતો પુરાવો જણાય આવતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. ''**સદર સાહેદની બચાવપક્ષે થયેલ ઉલટતપાસમાં એવી હકિકત કબુલ રાખેલ છે કે,** બનાવવાળુ સ્થળ ધંધકા–બરવાળા હાઈવે છે અને ત્યાં ઘણા વાહનોની અવર જવર રહે છે. પંચનામું કેટલા વાગ્યે શરૂ કરી પુરુ કરેલ તેની તેઓને ખ્યાલ નથી. તેઓની હાજરીમાં દોરડા કબજે કરેલ નથી. કહેવાતો બનાવ ગેલેરીચા ચેકપોસ્ટ સામે રોડ પર બનેલ અને તેની બાજુમાં પેટ્રોલ પંપ છે. બનાવમાં ભેંસો કબજે કરેલ છે તે ગૌ વંશ ન હતું.

**૧૭)** ફરીયાદપક્ષે આંક–૨૧ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું, પશુઓની ડોકટર ધ્વારા ચિકત્સા કરવામાં આવેલ આંક–૨૮ થી ૩૬ ચિકીત્સા પ્રમાણપત્ર રજુ થયેલ છે. પોલીસ ધ્વારા પશુઓને સાચવણી માટે પાંજરાપોળમાં મુકવામાં આવેલ હોય

આંક–૩૯ થી યાદી તપાસ કરનાર અમલદારશ્રીએ રજુ કરેલ છે.

**સમગ્ર કેસના તપાસેલ ફરીયાદ, સાહેદો, પંચો તેમજ તપાસ કરનારર અમલદારશ્રી ના સોગંધ પરના પુરાવાનું ઝીણવટ ભરી રીતે મુલ્યાંકન કરતા,** આ કામે આંક–૨૦ પંચ–ભાવેશભાઈ મનોજભાઈ જોષી તથા આંક–૨૨ પંચ–મનસુખભાઈ છનાભાઈ મકવાણાનાઓને આંક–૨૧ વાળા ગુનાવાળી જગ્યાના પંચનામાં અંગે તપાસેલ છે. **પરતું તેઓ ફરી ગયેલા જાહેર થયેલ છે અને બચાવપક્ષે તેઓની થયેલ સ્વિકૃતી સ્વરૂપની ઉલટમાં પણ તેઓ ફરીયાદપક્ષના કેસને સમર્થન કારી પુરાવો આપેલ ન હોય તેઓની જુબાનીથી ગુનાવાળી જગ્યાનું પંચનામુ પુરવાર થતુ નથી. ફકત પંચનામામાં સહી કર્યાથી પંચનામું પુરવાર થયેલ છે તે હકિકત માની શકાય નહી. જેથી બચાવનો લાભ આરોપી તરર્ફે જાય છે.**

**૧૮)** આ તબકકે નામદાર ઉપરી અદાલતોના ચુકાદા ધ્યાને લેવા ખૂબ જ જરૂરી છે. જે નીચે મુજબ છે.

આ સંદર્ભે **<u>૧૯૮૯(૨) ક્રાઇમ્સ, ૪૬૭–સ્ટેટ ઓફ યુ.પી.વિ.મદન મોહન અને અન્ય</u>** નો ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં નામ. સર્વોચ્ચ અદાલતે એવું ઠરાવેલ છે કે, જ્યારે બનાવ સંબંધેની હકીકત છુપાવવામાં આવી હોય ત્યારે ફરિયાદ પક્ષનો કેસ શંકાસ્પદ બની જાય છે. સદરહુ ચુકાદામાં એવું ઠરાવવામાં આવેલ છે કે, બનાવ સમયે સ્વતંત્ર સાહેદો સરળતાથી મળી શકે તેમ હોય છતાં તેવા સાહેદોને તપાસવામાં આવેલા નહિ અને તેથી ફરિયાદ પક્ષ કંઈક છુપાવવા માંગતા હોય તેવું સ્પષ્ટ થતુ હોય ફરિયાદ પક્ષનો કેસ શંકાસ્પદ બની જાય છે.

**ત્યારે, રેકર્ડ જોતા બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે પરંતુ આ કામના તપાસ કરનાર અમલદારે** અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદન લીધેલ નથી. આ તબકકે **ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ ૨૫ વંચાણે લેતા...તથા**

**નામ. સુપ્રિમ કોર્ટના** સુપ્રિમ કોર્ટે સન્શપાલસીગ વિરૂધ્ધ સ્ટેટ ઓફ દિલ્હી એ.આઈ.આર ૧૯૯૯ સુપ્રિમ કોર્ટ ૪૯ ઉપરના ચુકાદામાં ઠરાવેલ છે કે, '' **સામાન્ય રીતે ફોજદારી કેસમાં આરોપીઓ સામેનો ગુનો નિ:શંકપણે પુરવાર થવો જોઈએ. જો ગુનો જાહેર જગ્યામાં બનેલો હોય અને તે જગ્યાએ પબ્લીકના માણસોની અવરજવર હોય અને આવા પબ્લીકના માણસોનો જવાબ સહેલાઈથી મેળવી શકાય તેમ હોય તો તેવા સંજોગોમાં તપાસ કરનાર અધીકારીએ તેવા પબ્લીકના માણસોનો જવાબ લેવો જોઈએ અને ફરીયાદપક્ષે તે વ્યકિતને સ્વતંત્ર સાક્ષી તરીકે તપાસવા જોઈએ, અન્યથા માત્ર પોલીસના પુરાવાના આધારે આરોપીને સજા થઈ શકે નહી** '' આ સિધ્ધાંત હાલના કેસમાં પણ જોતા બંધ બેસતો અને યોગ્ય જણાઈ છે.

**૧૯)** ઉપર મુજબ કેસની હકિકતો, પડેલ પુરાવા તથા કાયદાની પરિસ્થિતિ જોતાં ફોજદારી કેસોમાં કેસ પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો છે અને ફરીયાદપક્ષે પોતાનો કેસ સબળ પુરાવાથી નિ:શંકરીતે પુરવાર કરવાનો રહે છે. કેસની હકીકતો, પડેલ પુરાવા, કાયદાની સ્થિતિ તથા પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો હોય છે, આરોપીઓએ પોતાનો બચાવ **પ્રી પોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના સિધ્ધાંત** સુધીજ પુરવાર કરવાનો હોય છે. જે આરોપીઓએ પોતાનો કેસ પુરવાર કરેલો છે, જયારે ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલો નથી. આ બધી હકીકતોને ધ્યાને લેતાં, શંકા ગમે તેટલી પ્રબળ હોય પણ તે પુરાવાનું સ્થાન લેતી નથી, તે સિંધ્ધાતને ધ્યાને લઈને હાલના આરોપીઓને વ્યાજબી શંકાનો લાભ આપી, નિર્દોષ ઠરાવી છોડી મુકવાની અરજ કરેલ છે. આ કામે ગુન્હાઓ પુરવાર કરવાના ઉપર જણાવ્યા મુજબના કાયદેસરના તત્વો ધ્યાનમા લેતાં તથા સમગ્ર પુરાવો અને રેકર્ડ ધ્યાનમાં લેતાં, આમ આ બધા પ્રશ્નો નિ:શંક પુરવાર થતા ન હોય ક્રિ.પ્રો.કોડના સિધ્ધાંતો પ્રમાણે ફરીયાદ પક્ષે આરોપીઓ સામે નો ગુનો કોઈપણ જાતની શંકાથી પર સાબિત કરવાનો રહે છે. આ કેસમાં રજુ થયેલ ઉપરોકત સમગ્ર પુરાવાનું ઝિણવટભરી રીતે મુલ્યાંકન

કરતા ફરીયાદી ફરી ગયેલા સાહેદ તરીકે થયેલ છે અને સાહેદોને ફરીયાદને સમર્થનકારી પુરાવો આપેલ નથી અને તેઓએ પોતાની જુબાની થકી ફરીયાદ પક્ષને સમર્થનકારી પુરાવો આપેલ નથી.

૨૦) **આમ,** ઉપરોકત કેસમાં તમામ તપાસેલ પંચો, સાહેદો તથા તપાસ કરનાર અમલદારશ્રી જુબાનીનુ મુલ્યાંકન કરતા ફરીયાદની હકિકત તથા સાહેદોની ઉલટતપાસની હકિકતને એકબીજા સાથે મુલવતા કોરબોરેટ થતી નથી અને વિરોધાભાષ જણાય આવે છે. તારીખ ૨૫/૦૪/૨૦૨૪ ના કલાક ૦૪/૩૦ વાગ્યે મોજે બરવાળા ધંધુકા હાઈવે રોડ ગેલેરીયા ચેક પોસ્ટ તાલુકો–બરવાળા, જીલ્લો–બોટાદ ખાતે પોતાના હવાલાવાળો ટ્રક રજીસ્ટ્રેશેન નંબર જી.જે.૦૧.એચ.ટી.૯ ૮૪૧ માં અબોલા પશુ ભેંસો જીવ નંગ–૦૯ ગેરકાયદેસર રીતે, ટુંકા દોરડાથી ક્રુરતાપુર્વક બાંધી ટ્રકમાં ઘાસચારો કે પાણીની સગવડ રાખ્યા વગર રાત્રીના અસુરા સમયે વધ કરવાના ઈરાદે, શંકાસ્પદ હાલતમાં હેરાફેરી કરતા મળી આવેલ હોય, જે જીવ નંગ–૦૯ કિમત રૂપિયા ૧,૮૦,૦૦૦/– તથા ટ્રક રજીસ્ટ્રેશન નંબર જી.જે.૦૧.એચ.ટી.૯૮૪૧ કિમત રૂપિયા ૮,૦૦,૦૦૦/– ની મળી કુલ રૂપિયા ૯,૮૦,૦૦૦/– ના મુદામાલ સાથે મળી આવી પકડાઈ જઈ, ગુજરાત પ્રાણી સંરક્ષણ–૧૯૫૪ ની કલમ–૫, ૬, ૬(ક)(૧), ૬(ક)(૩), ૬(૪), ૮, ૯, ૧૦ તથા પ્રાણી ક્રુરતા નિવારણ અધિનીયમ–૧૯૬૦ ની કલમ–૧૧(૧) (ડી), (ઈ), (એફ)(એચ) તથા મોટર વ્હીકલ એકટની કલમ ૬૬(૧), ૧૯૨ મુજબ નો ગુન્હો આચરેલ હોય તેવો સચોટ પુરાવો રેકર્ડ પરથી જણાઈ આવતો નથી. તેમજ ફરીયાદપક્ષે કેસ પુરવાર કરવાનો બોજો પ્રોસીકયુશન તરફે હોય છે તેવા સંજોગોમાં હાલના કેસમાં તપાસેલ સાક્ષીઓ ઘ્વારા કેસના ગુનાને સાંકળતા તત્વો પુરવાર કરવામાં પ્રોસીકયુશીન નિષ્ફળ નિવડેલ હોવાનું રેકર્ડ રેકર્ડ પરથી તથા સાહેદોની સોગંદપરની જુબાનીથી જણાઈ આવે છે. આમ, ઉપરોકત તમામ ચર્ચાને અંતે ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય **મુદ્દા નંબર : (૧) નો જવાબ નકારમાં આપી મુદ્દા નંબર : (૨)**

**અન્વયે છેવટનો હુકમ નીચેની વિગતે કરવો યથાયોગ્ય, વ્યાજબી અને ન્યાયોચીત જણાતું હોવાના કારણે નીચે મુજબ આખરી હુકમ કરવામા આવે છે.**

**:: હુકમ ::**

૧) આ કામના આરોપી **(૧) દિનેશભાઈ બચુભાઈ વાળા,** ઉ.વ.૪૬, ધંધો–ડ્રાઈવીંગ, રહે.ધુળખાડા, વિસ્તાર, મોણપુર રોડ, ચિતલ ગામ, તાલુકો–જીલ્લો–અમરેલી, **(૨) વિપુલભાઈ ભલાભાઈ વાળા,** ઉ.વ.૩૨, ધંધો–મજુરી, રહે.ધુળખાડા, વિસ્તાર, મોણપુર રોડ, ચિતલ ગામ, તાલુકો–જીલ્લો–અમરેલીવાળાને ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ ૨૫૫(૧) મુજબ ગુજરાત પ્રાણી સંરક્ષણ–૧૯૫૪ ની કલમ–૫,૬,૬(ક)(૧), ૬(ક)(૩), ૬(૪),૮,૯,૧૦ તથા પ્રાણી ક્રૃરતા નિવારણ અધિનીયમ–૧૯૬૦ ની કલમ–૧૧(૧)(ડી),(ઈ),(એફ)(એચ) તથા મોટર વ્હીકલ એકટની કલમ ૬૬(૧)૧૯૨ મુજબના શિક્ષા ને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.

૨) આ કામે કબજે કરવામાં આવેલ **મુદ્દામાલ પાવતી નંબર ૧૬/૨૦૨૪, તારીખ: ૨૫/૦૪/૨૦૨૪** માં દર્શાવેલ મુદામાલ અંગે જો નામદાર કોર્ટનો આ અગાઉ વચગાળાનો જો કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે હુકમ કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે. જો વચગાળાનો કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય તો અપિલ સમય પુરો થયા બાદ કબજે કરેલ મુદામાલના મુળ માલીકી અંગેની ખરાઈ કરીને જે તે દર્શાવેલ આર્ટીકલ મુજબના મુદામાલને તેના મુળ માલીકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

૩) એપેલેટ ઓથોરીટી સમક્ષ હાજર રહેવા માટે પ્રેત્યેક આરોપીઓ એ રૂપિયા ૧૦,૦૦૦/– ના સ્થાનિક તેમજ સધ્ધર જામીન અને તેટલી જ રકમના જાત

મુચરકા ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ:૪૩૭(એ) મુજબ અત્રેની કોર્ટમાં રજુ કરવા.

આ હુકમ આજ તારીખ ૦૭મી, માહે–મે, સને–૨૦૨૬ ના રોજ બરવાળા મુકામે ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૦૭/૦૫ /૨૦૨૬
સ્થળ : બરવાળા

[ નિતેશ કિશોરભાઈ નાચરે]
જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
બરવાળા, જીલ્લો–બોટાદ
જજ કોડ જી.જે.૧૪૫૧